કેસ દાખલ તા.:૨૬/૦૯/૨૦૨૫.
કેસ રજુ તા.:૨૬/૦૯/૨૦૨૫.
કેસ ફેંસલ તા.:૧૩/૦૩/૨૦૨૬.
અવધિ :–<u>વર્ષ. માસ. દિવસ.</u>
૦૦ ૦૫ ૧૭

***<u>મે. પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુ. તળાજા.</u>***

**<u>રે.દિ.મુ. નંબર–૨૪૨/૨૦૨૫.</u>**

આંક–૨૪

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ, તે
ઈલેક્ટ્રીસીટી સપ્લાય માટે રચાયેલ કંપની,
વડી કચેરી રાજકોટ થુ તેના નાયબ ઈજનેર,
તળાજા–૧ પેટા વિભાગની ઓફિસ, તળાજા.

*.....વાદી.*

**વિરૂદ્ધ**

હરદેવભાઈ હિંમતભાઈ વેગડ.
રહે. મુ. તરસરા, વેગડ શેરી, તા.તળાજા, જિ.ભાવનગર.

*.....પ્રતિવાદી.*

*દાવો:–<u>રૂ.૩૪,૪૨૯–૭૯ પૈસા વસૂલ લેવા અંગે.....</u>*

---

*વાદી તરફે :–વિ.વ.શ્રી વિ.કે.ધુમડીયા.*
*પ્રતિવાદી તરફે :–એકતરફી.*

---

**<u>–: ઠ રા વ :–</u>**

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે,

વાદી પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિ.ના કાયદા તળે નોંધાયેલ કંપની છે. ગુજરાત ઈલેક્ટ્રીસીટી બોર્ડનું રી–કન્સ્ટ્રક્શન થતા, ગુજરાત ઉર્જા વિકાસ લિ. તથા વાદી કંપની અસ્તિત્વમાં આવેલ. વાદી કંપની ગુજરાતમાં

વિજ ઉત્પાદન તથા વિજ વિતરણનું કામ કરે છે. વધુમાં, ગુજરાત રાજ્યમાં વહીવટી કાર્યની સુગમતા માટે વાદી કંપનીની સર્કલ ઓફિસ, ડિવીઝન ઓફિસ તથા સબ–ડિવીઝન ઓફિસ વિગેરે આવેલી છે. વાદી કંપની પાસેથી વિજ કનેક્શન મેળવવા માંગતા ગ્રાહકોએ નિયત નમૂનામાં અરજી કરવાની હોય છે, જેના આધારે વાદી કંપની દ્વારા સ્થળ પર તપાસણી કરી, નિયમ મુજબના ચાર્જની રકમ વસુલ લઈ, જે તે ગ્રાહકને માંગ્યા મુજબનું વિજ–કનેક્શન આપવામાં આવે છે.

(૨) આ કામના પ્રતિવાદીએ વાદી કંપની પાસે વિજ કનેક્શન મેળવવા ક્યારેય કોઈ અરજી કરેલ નથી એટલે કે પ્રતિવાદી, વાદી કંપનીના નોન–કન્ઝ્યુમર છે. વાદી કંપનીના અધિકારીઓ દ્વારા તા.૧૦/૧૦/૨૦૨૩ ના રોજ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના તરસરા ગામે આવેલ પ્રતિવાદીના રહેણાંકના સ્થળે ચેકીંગ કરતા, પ્રતિવાદી નોન–કન્ઝ્યુમર હોવા છતાં, પાવર–ચોરી કરતા હોવાનું માલુમ પડેલ. તેમણે (પ્રતિવાદીએ) પોતાના મકાન પાસે આવેલ વાદી કંપનીની હળવા દબાણની લાઈનના વિજ–પોલ પરથી પીળા કલરના પ્રાઈવેટ સર્વિસ વાયર પોતાના મકાનના સ્વીચ–બોર્ડમાં આપી, ડાયરેકટ પાવર લઈને ૧૨૮૫ વોટના વિજ–ઉપકરણો સાથે જોડી, ગેરકાયદેસર રીતે વિજ–વપરાશ કરી, પાવર ચોરી કરતા, વાદી કંપની દ્વારા નિયમાનુસાર પ્રતિવાદીને રૂ.૨૬,૦૨૩–૩૭ પૈસાનું પાવર–ચોરીનું બિલ આપેલ ; પરંતુ પ્રતિવાદીએ સદર બિલની રકમ ના ભરતા, તા.૧૧/૧/૨૦૨૪ના રોજ વાદી કંપની દ્વારા પ્રતિવાદીને લિગલ નોટીસ આપવા છતાં, વાદી કંપનીની લેણી રકમ ભરપાઈ ન કરતા, વાદી કંપનીએ પ્રતિવાદી પાસેથી વિજ–ચોરીના બિલની બાકી રકમ રૂ.૨૬,૦૨૩–૩૭ પૈસા અને તેના ઉપર

વિલંબિત ચૂકવણી ચાર્જના રૂ.૮,૪૦૬–૪૨ પૈસા મળી, કુલ રૂ.૩૪,૪૨૯–૭૯ પૈસા ઉપર ૧૮%ના વ્યાજ તથા ખર્ચસહિત વસુલ મેળવવા સદર દાવો કર્યો છે.

(૩) પ્રતિવાદીને દાવાના સમન્સની ધારાસર બજવણી થવા છતાં, પ્રતિવાદી જાતે કે તેમના તરફે કોઈ હાજર થઈ, દાવાનો જવાબ રજુ કરેલ ના હોઈ, અત્રેની અદાલતે તા.૧૧/૧૧/૨૦૨૫ના રોજ પ્રતિવાદી વિરૂદ્ધ સદર દાવો એકતરફી ચલાવવાનો હુકમ કરેલ.

(૪) તા.૧૧/૧૧/૨૦૨૫ના રોજ અત્રેની અદાલત દ્વારા આંક–૬ થી નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલા છે :–

**–: મુદ્દાઓ :–**

*(૧) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીએ વિજ–ચોરી કરી, વિજ–વપરાશ કરેલ, તે પેટે કુલ રૂ.૩૪,૪૨૯–૭૯ પૈસા વસૂલ મેળવવાના બાકી છે ?*

*(૨) શું હાલના દાવાને સમયમર્યાદાના કાયદાનો બાધ નડે છે ?*

*(૩) શું વાદી દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે ?*

*(૪) શું હુકમ અને હુકમનામુ ?*

(૫) ઉપરોક્ત મુદ્દાઓ અંગેના નિર્ણયો કારણોસહિત નીચે મુજબ છે :–

*(૧) હકારાત્મક.*

*(૨) નકારાત્મક.*

*(૩) અંશત: હકારાત્મક.*

*(૪) આખરી હુકમ મુજબ.*

(૬) વાદી તરફે નીચે મુજબના પુરાવા રજુ થયેલ છે :–

| ક્રમ. | –: મૌખિક પુરાવો :– | આંક. |
|---|---|---|
| ૦૧. | રવિભાઈ ભગવાનભાઈ બલદાણીયા, નાયબ ઈજનેર, પી.જી.વી.સી.એલ., સબ–ડિવીઝન, તળાજા–ર, તા.તળાજાનું સોગંદ નામુ. | ૦૭. |

| ક્રમ. | –: દસ્તાવેજી પુરાવો :– | આંક. |
|---|---|---|
| ૦૧. | ચેકીંગ શીટ(તપાસણી અહેવાલ). | ૦૯. |
| ૦૨. | સિઝર મેમો(એનેક્ષર–૪). | ૧૦. |
| ૦૩. | સ્થળ પરનું રોજકામ. | ૧૧. |
| ૦૪. | સ્થળ પરના ફોટા. | ૧૨. |
| ૦૫. | એનેક્ષર–જી. | ૧૩. |
| ૦૬. | કન્ઝયુમર સપ્લીમેન્ટરી બિલ. | ૧૪. |
| ૦૭. | એનેક્ષર–સી. | ૧૫. |
| ૦૮. | પ્રતિવાદી સામ કરેલ લેખિત ફરીયાદ. | ૧૬. |
| ૦૯. | એફ.આઈ.આર. | ૧૭. |
| ૧૦. | લિગલ–નોટીસ. | ૧૮. |
| ૧૧. | નોટીસનું કવર. | ૧૯. |
| ૧૨. | ફિઝીકલ સાઈટ–વેરીફિકેશન. | ૨૦. |
| ૧૩. | સર્ટીફિકેટ. | ૨૧. |
| ૧૪. | દાવો દાખલ કરવા માટેની પ્રપોઝલ(પ્રફોર્મા નં.–૧૨). | ૨૨. |
| ૧૫. | વાદી તરફે ક્લોઝીંગ પુરસીસ. | ૨૩. |

## –: કા ર ણો :–

વાદીના વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

પ્રતિવાદી તરફે કોઈ હાજર નથી.

(૭) ***મુદ્દા નંબર–૧ :–***

વાદી કંપનીના નાયબ ઈજનેરે તેમની એફિડેવીટ આ કામે આંક –૭થી રજુ કરેલ, જેમાં તેમણે દાવા અરજીની તમામ વિગતોને સમર્થન આપેલ છે. વધુમાં, તેઓ જણાવે છે કે આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક ન હોવા છતાં, તેઓએ ગેરકાયદેસર અને બિન–અધિકૃત રીતે, પોતાના મકાન પાસે આવેલ વાદી કંપનીની હળવા દબાણની લાઈનના વિજ–પોલ પરથી પીળા કલરના પ્રાઈવેટ સર્વિસ વાયર પોતાના મકાનના સ્વીચ–બોર્ડમાં આપી, ડાયરેકટ પાવર લઈને ૧૨૮૫ વોટના વિજ–ઉપકરણો સાથે જોડી, પાવર ચોરી કરતા હોવાનું તા.૧૦/૧૦/૨૦૨૩ના રોજ વાદી કંપનીના અધિકારીઓ દ્વારા ચેકીંગ દરમિયાન માલુમ પડતા, વાદી કંપનીના નિયમાનુસાર પ્રતિવાદીને રૂ.૨૬,૦૨૩–૩૭ પૈસાનું વિજ–ચોરીનું પુરવણી બિલ આપેલ, પરંતુ પ્રતિવાદીએ વાદીને કંપનીને સદર પુરવણી બિલની રકમ ના ચુકવતા, પ્રતિવાદી પાસેથી વિજ–ચોરીના બિલની બાકી રકમ રૂ.૨૬,૦૨૩ –૩૭ પૈસા અને તેના ઉપર વિલંબિત ચૂકવણી ચાર્જના રૂ.૮,૪૦૬–૪૨ પૈસા મળી, કુલ રૂ.૩૪,૪૨૯–૭૯ પૈસા વાદી કંપનીના લેણા પડે છે. વળી વાદીએ, પ્રતિવાદીને વિજ–ચોરીની લેણી રકમ માટે લિગલ નોટીસ આપવા છતાં, પ્રતિવાદીએ સદર નોટીસનો જવાબ આપવાની દરકાર કરેલ નથી કે, લેણી રકમ વાદી કંપનીમાં જમા કરાવેલ ના હોઈ, વાદી કંપનીએ હાલનો દાવો કરેલ છે.

વાદી કંપનીએ તેમના દાવાના સમર્થનમાં આંક–૯થી ચેકીંગ શીટ(તપાસણી અહેવાલ), આંક–૧૦થી સિઝર મેમો(એનેક્ષર–૪), દાવો

કરવા મેળવેલ પરમિશન, આંક–૧૧થી સ્થળ પરનું રોજકામ, આંક–૧૨થી તથા સ્થળ પરના ફોટા, આંક–૧૩થી એનેક્ષર–જી, આંક–૧૪થી કન્ઝયુમર સપ્લીમેન્ટરી બિલ, આંક–૧૫થી એનેક્ષર–સી, આંક–૧૬થી પ્રતિવાદી સામ કરેલ લેખિત ફરીયાદ, આંક–૧૭થી એફ.આઈ.આર., આંક –૧૮થી લિગલ–નોટીસ, આંક–૧૯થી નોટીસનું કવર, આંક–૨૦થી ફિઝીકલ સાઈટ–વેરીફિકેશન, આંક–૨૧થી સર્ટીફિકેટ તથા આંક–૨૨થી દાવો દાખલ કરવા માટેની પ્રપોઝલ(પ્રફોર્મા નં.–૧૨) વિ. દસ્તાવેજો રજુ કરેલા છે.

(૮) પ્રતિવાદીને સમન્સની યોગ્ય બજવણી થવા તેમજ ન્યાયી અને વ્યાજબી તકો આપવા છતાં, તેમણે આ કામે દાવાનો જવાબ આપવાની કે પુરાવો આપવાની દરકાર લીધેલ નથી. વધુમાં પ્રતિવાદીએ, વાદી કંપનીના નાયબ ઈજનેરની ઉલટતપાસ કરેલ હોય તેવુ પણ બનેલ નથી. આમ, વાદી કંપની પુરવાર કરે છે કે પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક ન હોવા છતાં, અનધિકૃત રીતે કુલ રૂ.૩૪,૪૨૯–૭૯ પૈસાની પાવર ચોરી કરેલી જેથી, સદર પાવર ચોરીની રકમ પ્રતિવાદી વાદી કંપનીને વ્યાજસહિત ચુકવવા જવાબદાર બને છે. આ સંજોગોમાં, મુદ્દા નંબર–૧ પરત્વે, હું મારો જવાબ હકારાત્મક ઠરાવુ છું.

(૯) ***<u>મુદ્દા નંબર–૨ :–</u>***

સદર મુદ્દા પરત્વે જોવામાં આવે તો, વાદી કંપનીએ હાલનો દાવો તા.૨૬/૯/૨૦૨૫ના રોજ દાખલ કરેલ અને તા.૧૦/૧૦/૨૦૨૩ના રોજ વાદી કંપનીના અધિકારીઓ દ્ધારા પ્રતિવાદીના રહેણાંકના સ્થળે વિજ–ચેકીંગ કરવામાં આવેલ અને તે જ તારીખે એટલે કે, તા.૧૦/૧૦/૨૦૨૩ના

રોજ પ્રતિવાદીને વિજ–ચોરીનું પુરવણી બિલ આપવામાં આવેલ. આમ, વાદી કંપની દ્વારા કરવામાં આવેલ વિજ–ચેકીંગ તેમજ હાલનો દાવો દાખલ કર્યા દરમિયાનનો સમયગાળો એક વર્ષ અને નવ માસનો જણાઈ આવતો હોઈ, વાદી કંપની દ્વારા હાલનો દાવો સમયમર્યાદામાં દાખલ થયેલ હોવાનું રેકર્ડ પરથી સ્પષ્ટ છે. આમ, વાદીના દાવાને સમયમર્યાદાનો કોઈ બાધ નડતો ના હોઈ, મુદ્દા નંબર–૨ પરત્વે, હું મારો જવાબ નકારાત્મક ઠરાવુ છું.

(૧૦) ***મુદ્દા નંબર–૩ તથા ૪ :–***

ઉપરોક્ત મુદ્દા નંબર–૧ ની ચર્ચાને અંતે એ બાબત સ્પષ્ટ છે કે, વાદી પ્રતિવાદી પાસે બાકી નીકળતા બિલની લેણી રકમ મેળવવા હક્કદાર છે અને તે રકમ પ્રતિવાદીએ આજદિન સુધી ભરપાઈ કરેલ નથી. વધુમાં, વાદી કંપની એ જાહેર સંસ્થા છે અને તેઓ વિજ–પુરવઠો પૂરો પાડવાની કામગીરી કરે છે અને તેમાં કંપનીના નાણા રોકાયેલ હોય જેથી, વાદી કંપનીને પોતાના ગ્રાહક પાસેથી બાકી લેણા પેટે જો વ્યાજ અપાવવામાં ન આવે તો, વાદી કંપનીને નાણાંકીય રીતે નુકસાન થાય તેમ હોય તેથી, વાદી બિલની લેણી રકમ ઉપર વ્યાજ મેળવવા હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે છે. આમ રેકર્ડ પરનો તમામ પુરાવો ધ્યાને લેતા, વાદી કંપની પ્રતિવાદી પાસેથી વિજ–વપરાશની મુળ લેણી રકમ રૂ.૨૬,૦૨૩–૩૭ પૈસા ઉપર દાવા તારીખ થી વસૂલ થતા સુધી વાર્ષિક ૮%(નેશનલાઈઝ બેંક પ્રમાણે)ના સાદાં વ્યાજ સાથે વસૂલ મેળવવા હક્કદાર હોવાનું તેમજ આ કામના વાદી ઉપરોક્ત સમગ્ર ચર્ચા કર્યા મુજબ હાલના દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર હોઈ, મુદ્દા નંબર–૩ પરત્વે, હું મારો જવાબ અંશત: હકારમાં ઠરાવુ છું જ્યારે, મુદ્દા નંબર–૪ પરત્વે, હું નીચે મુજબના આખરી હુકમથી ફરમાવુ છું.

P.T.O.

**-: હુકમ :-**

- વાદીનો દાવો આથી, ખર્ચસહિત **''અંશત: મંજુર''** કરવામાં આવે છે.
- વાદી દાવો દાખલ કર્યા તારીખથી તે વસુલ મેળવ્યાની તારીખ સુધી ૮% લેખે(નેશનલાઈઝ બેંક પ્રમાણે) દાવાની મુળ લેણી રકમ ઉપર વ્યાજ મેળવવા હક્કદાર હોવાનું આથી, ઠરાવી આપવામાં આવે છે.
- પ્રતિવાદીને થયેલ ખર્ચ પ્રતિવાદીએ ભોગવવો.
- હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ તારીખ-૧૩, માહે-માર્ચ, સને-૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ : તળાજા.

**(ચૈતન્ય નવનિતલાલ મારફતિયા)**
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ-તળાજા.
Code No - GJ 00888

એચ.બી.જોષી.